# રાજ્યમાં કોરોનાના નવા ૧૪૮૭ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૧૭ લોકોનાં મૃત્યુ : અત્યાર સુધીમાં કુલ ૭૩૦૪૭૦૫ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૮૧૧૮૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૩

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો.

આજે રાજ્યમાં નવા ૧૪૮૭ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૨૩૪ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૮૧,૧૮૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૦૯ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૯,૫૨૧ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૧૦૬૯.૫૫ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૭૩,૦૪,૭૦૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૦,૮૭૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૦૦,૭૬૨ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૧ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૩,૮૩૬ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૮૯ છે. જ્યારે ૧૩,૭૪૭ લોકો સ્ટેબલ છે. ૧,૮૧,૧૮૭ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૮૭૬ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૧૩, મોરબી ૧, સુરત કોર્પોરેશન ૧, રાજકોટ કોર્પોરેશન ૧ અને વડોદરા કોર્પોરેશનનાં ૧ દર્દી સહિત કુલ ૧૭ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

# અમદાવાદમાં માસ્ક વગર ફરતા પકડાયેલ ૨૫૬માંથી ૯ પોઝિટિવ

### પોઝિટિવ જણાયેલાઓને હોસ્પિટલમાં ખસેડાયા જ્યારે અન્યો પાસેથી ૧૦૦૦ રૂપિયા દંડ વસૂલવામાં આવ્યો

અમદાવાદ, તા. ૨૩

દિવાળી બાદ કોરોનાએ ઉથલો માર્યો છે. જેથી રાજ્યમાં કોરોના કેસમાં સતત વધારો નોંધાયો છે. વધારે પ્રમાણમાં કોરોના વધતા સરકારે અમદાવાદમાં કરફ્યૂ આપ્યો હતો છતા પણ હજી અમદાવાદીઓ પોતાની બેદરકારી બતાવી રહ્યા છે. ત્યારે અમપા દ્વારા અમદાવાદમાં જાહેરમાં માસ્ક વગર ફરતા લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. અમપાએ ૨૫૬ લોકોના ટેસ્ટ કર્યા હતા જેમાથી ૯ લોકો પોઝિટિવ આવ્યા હતા. આ ૯ લોકોને હોસ્પિટલ ખસેડાયા હતા તો અન્ય લોકોની પાસેથી એક-એક હજાર રૂપિયા દંડ વસુલવામાં આવ્યા હતા.

અમદાવાદમાં માસ્ક વગર ફરતા લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો છે. જેમાથી અમપા દ્વારા ૨૫૬ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાથી ૯ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પોઝિટિવ દર્દીઓમાંથી ૬ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે અન્ય ૩ હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. આ સિવાય નેગેટિવ આવેલા લોકો પાસેથી ૧-૧ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. કોરોના તેનું રૌદ્ર સ્વરૂપ બતાવી રહ્યો છે છતાં પણ હજી કેટલાક એવા લોકો છે જે માસ્ક વગર ફરતા જોવા મળી રહ્યા છે.

જેથી અમદાવાદમાં અમપાનું માસ્કઅપ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. માસ્ક વગર જાહેરમાં ફરતા લોકો પર કડક કાર્યવાહી કરવામાં આવશે તેમજ દંડ ફટકારવામાં આવશે. તે સિવાય માસ્ક પહેર્યા વગર જાહેરમાં ફરનારા લોકોનો કોરોના ટેસ્ટિંગ કરવામાં આવશે અને જો રિપોર્ટ નેગેટિવ આવશે તો રૂપિયા ૧૦૦૦નો દંડ ફટકારવામાં આવશે. તેમજ રિપોર્ટ પોઝિટિવ આવશે તો તેને હોસ્પિટલ ખસેડવામાં આવશે.

# અમદાવાદમાં રાત્રિ કર્ફ્યૂ ૭મી ડિસેમ્બર સુધી અમલમાં રહેશે

### કર્ફ્યુ લંબાવવું કે નહીં નિર્ણય સ્થિતિના ધ્યાનમાં લેવાશે : નાઈટ કરફ્યૂની જાહેરાત કર્યા બાદ હવે અમદાવાદ પોલીસ કમિશ્નરે નાઈટ કર્ફ્યૂને લઈને જાહેરનામું બહાર પાડ્યું છે

અમદાવાદ,તા.૨૩

રાજ્ય સરકાર દ્વારા ચાર શહેરોમાં નાઈટ કરફ્યૂની જાહેરાત કર્યા બાદ હવે અમદાવાદ પોલીસ કમિશ્નરે નાઈટ કર્ફ્યૂને લઈને જાહેરનામું બહાર પાડ્યું છે. શુક્રવારથી અમદાવાદમાં લગાવેલો કર્ફ્યૂ ૭ મી ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન રાત્રે ૯ વાગ્યા બાદ કોઈએ જાહેર જગ્યાઓ પર અવર જવર કરવી નહી. ઉલ્લેખનીય છે કે દેશભરમાં કોરોનાનો કહેર યથાવત છે ત્યારે ફરજિયાત માસ્ક પહેરવા, હાથ ધોવા અને સેનેટાઈઝરનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. છતાં પણ લોકો હજી પોતાની બેદરકારી બતાવી રહ્યા છે અને માસ્ક પહેર્યા વગર ઘરની બહાર નીકળી જાય છે.

એટલું જ નહીં કર્ફ્યૂની સ્થિતિમાં પણ લોકો બહાના કાઢીને બહાર ફરી રહ્યા છે તેમની સામે પોલીસ કાયદેસરની કાર્યવાહી કરી રહી છે. અમદાવાદમાં ૧૫ દિવસ રાત્રી કર્ફ્યૂ અમલમાં રહેશે. એટલે કે ૭ ડિસેમ્બર સુધી રાત્રે ૯થી સવારના ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ રહેશે. ૭ ડિસેમ્બર પછી કર્ફ્યુ લંબાવવું કે નહીં તે નિર્ણય સ્થિતિને ધ્યાને રાખીને લેવાશે. રાત્રિ કર્ફ્યૂના લીધે રાત્રિ દરમિયાન કોઈ કાર્યક્રમોને મંજૂરી નહીં મળે. આ કર્ફ્યૂમાં કેટલીક આવશ્યક સેવા સાથે જોડાયેલા લોકોને છૂટ આપવામાં આવી છે. આ સિવાય કોઈએ બહાર નિકળવું નહિ, જો કોઈ વ્યક્તિ નિયમનું ઉલ્લંઘન કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.



**કર્ફ્યુ મુક્તિ બાદ જનજીવન ધમધમતું થયું**

અમદાવાદમાં શનિવાર રાતથી ૫૭ કલાકનો કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો જે સોમવારે સવારે પુરો થતાં શહેરના રસ્તા પર મોટા પ્રમાણમાં ટ્રાફિક જોવા મળ્યો હતો.

# કર્ફ્યૂ બાદ ૪ મહાનગરોના રસ્તા ઉપર લોકોની ભીડ

રાજ્યમાં છેલ્લા થોડા સમયથી ફરી કોરોનાની બીજી લહેર જોવા મળી રહી છે. રાજ્યમાં કોરોના સંક્રમણમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ૧ હજારથી વધુ કોરોના કેસ નોંધાઈ રહ્યાં છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ સહિત રાજ્યના ત્રણ મહાનગરોમાં શનિવાર અને રવિવાર દરમિયાન કર્ફ્યૂ જાહેર કર્યો હતો. જો કે, રાજ્યના ચાર મહાનગરોમાં ૫૭ કલાકના વિકેન્ડ કર્ફ્યૂ બાદ આજે સોમવારે વહેલી સવારથી આ ચાર મહાનગરો ફરી લોકોની અવર જવર જોવા મળી રહી છે. ત્યારે રાજ્યના ચારેય મહાનગરોમાં ફરી વહેલી સવારથી જ વિવિધ જગ્યાઓ પર સામાન્ય દિવસની જેમ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. અમદાવાદ શહેરમાં ૫૭ કલાકના કર્ફ્યૂ પૂર્ણ થયા બાદ ફરી અમદાવાદના રસ્તા ઉપર લોકોની ભીડ જોવા મળી રહી છે. અમદાવાદનું જમાલપુર શાકમાર્કેટ લોકોને ભીડથી છલકાઈ રહ્યું છે. મોટી સંખ્યામાં લોકો શાકભાજીની ખરીદી અને વેચાણ કરવાની આવી રહ્યા છે. જો કે માર્કેટમાં મોટાભાગના ખરીદી કરવા આવનાર ગ્રાહક અને વેપારીઓના ચહેરા ઉપર માસ્ક જોવા મળી નથી મળી રહ્યું.

# કોરોનાને ધ્યાનમાં રાખી ગીરા ધોધ સહિત પ્રવાસન સ્થળો બંધ

### વહિવટી તંત્રએ સ્થાનિક લોકોની સુરક્ષા માટે જિલ્લાના પ્રવસાન સ્થળોને પ્રવાસી માટે બંધ કરી દેવાનો નિર્ણય કર્યો

ડાંગ,તા.૨૩

રાજ્યમાં કોરોના વિસ્ફોટને લઈને ડાંગ વહિવટી તંત્રએ મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. જેમાં ડાંગ જિલ્લામાં આવતા પ્રવાસીઓ માટે ગીરા ધોધ, બોટનિકલ ગાર્ડન સહિત કૅમ્પ સાઈડ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં કોરોનાના વધતાં કેસને લઈને સરકારે મોટા શહેરોમાં રાત્રી કર્ફ્યૂની જાહેરાત કરી છે. આ દરમિયાન ડાંગ જિલ્લા વહિવટી તંત્રએ પણ સ્થાનિક લોકોની સુરક્ષા માટે જિલ્લાના પ્રવસાન સ્થળોને પ્રવાસીઓ માટે બંધ કરી દેવાનો નિર્ણય કર્યો છે. ડાંગના ગીરા ધોધ, બોટનિકલ ગાર્ડન, મહાલ અને કિલાદ કેમ્પ સાઈડ પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવી છે. આ સાથે જ તંત્ર તરફથી તમામ સ્થળોએ સુરક્ષા ગાર્ડ મૂકી દેવામાં આવ્યા છે. નવી સૂચના ન મળે ત્યાં સુધી દરેક સ્થળે સુરક્ષા ગાર્ડ મૂકવામાં આવ્યા છે. બહારથી આવતા પ્રવાસીઓ સાથે સંઘર્ષ ન થાય તે માટે આ સ્થળો પર સુરક્ષા ગાર્ડ મૂકી દેવામાં આવ્યા છે. રાજ્યમાં ડાંગ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના સૌથી ઓછા કેસ નોંધાય છે. આ સમયે બહારથી આવતા લોકોને કારણે ડાંગના લોકો સંક્રમિત ન થાય તે માટે તંત્ર તરફથી પ્રવાસન સ્થળો બંધ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડાંગ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના કુલ ૧૨૩ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૧૯ લોકો સાજા થઈ ગયા છે. ડાંગમાં અત્યાર સુધી કોરોનાથી એક પણ વ્યક્તિનું મોત નથી થયું. રવિવારે જાહેર થયેલા આંકડા પ્રમાણે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧,૪૯૫ લોકો કોરોના સંક્રમિત થયા છે. આમ રાજ્યમાં કુલ સંખ્યા ૧,૯૭,૪૧૨એ પહોંચી છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૩ લોકોનાં કોરોનાથી મોત થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૩,૮૫૯ થયો છે. રવિવારે રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં કુલ ૧,૪૯૫ કેસ નોંધાયા છે. જ્યારે ૧,૧૬૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી સાજા થઈને પોતાના ઘરે ગયા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૧,૭૯,૯૫૩ દર્દીઓ સાજા થયા છે. રાજ્યનો સાજા થવાનો દર ૯૧.૧૬ થયો છે. આ જ રીતે કોરોના ટેસ્ટિંગની ક્ષમતા પણ વધારવામાં આવી રહી છે. રવિવારે રાજ્યમાં કુલ ૬૩,૭૩૯ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

# કોરોના પોઝિટિવિટી રેટમાં ગુજરાતની સ્થિતિ સારી

નવી દિલ્હી,તા.૨૩

હિમાચલ પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, હરિયાણા, કેરળ અને ગોવા સહિતના રાજ્યો હોટસ્પોટ સાબિત થઈ રહ્યા છે, કારણ કે અહીંનો પોઝિટિવિટી રેટ (પ્રતિ ૧૦૦ કોરોના ટેસ્ટ પર આવતા પોઝિટિવ કેસનો આંકડો) ૧૦%થી લઈને ૧૫%થી વધુ રહેતો હોય- આ ગણતરી પાછલા ૨ પખવાડિયા (૧૪ દિવસમાં) દરમિયાન સામે આવી જેમાં ૨૬ ઓક્ટોબરથી ૮ નવેમ્બર અને ૮થી ૨૧ નવેમ્બર દરમિયાન કરાયેલા ટેસ્ટ પરથી પોઝિટિવિ રેટ નક્કી કરાયો જેમાં ભારતનો કુલ પોઝિટિવિટી રેટ પહેલા ૧૪ દિવસ દરમિયાન ૪.૩% અને બીજામાં ૪.૧% રહ્યો છે. જ્યારે ગુજરાતમાં આ રેટ નેશનલ રેટ કરતા ઘણો નીચો છે. ઓક્ટોબર ૨૬થી ૮ નવેમ્બર દરમિયાન ગુજરાતમાં પોઝિટિવિટી રેટ ૧.૯% જ્યારે બીજા પખવાડિયે (૮થી ૨૧ નવેમ્બર) ૨.૨% રહ્યો છે. દિવાળીના તહેવારોમાં લગભગ તમામ રાજ્યોમાં આ રેટ ઊંચો આવ્યો હતો.

પોઝિટિવિટી રેટ ઊંચો જાય એનો મતલબ છે કે કોરોના કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, આ સાથે ટેસ્ટની સંખ્યા વધારવાની જરુરી પડે છે. કેરળ, ગોવા અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં પાછલા મહિના કરતા કેસમાં ઘટાડો નોંધાયો છે પરંતુ તે હજુ પણ રેડ ઝોનમાં છે. મહારાષ્ટ્રનો પોઝિટિવિટી રેટ ૮% પર પહોંચ્યો છે જે દર્શાવે છે કે રાજ્યમાં ઘણો સુધાર આવ્યો છે. પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં કન્ફર્મ કેસની સંખ્યા ઘટી છે પરંતુ અહીં પોઝિટિવિટી રેટ ૭-૮% જેટલો છે. ડબલ્યુએચઓનું માનવું છે કે જો ૧૪ દિવસથી વધારે સમય સુધી પોઝિટિવિટી રેટ ૫%થી વધુ હોય તો રાજ્ય રેડ ઝોનમાં આવે છે. વધારે કેસ સામે આવવાનું બીજુ પણ કારણ હોઈ શકે છે કે ત્યાં જરુર પ્રમાણમાં ટેસ્ટ કરવામાં નથી આવી રહ્યા.

જેના કારણે રાજ્યમાં મૃત્યુઆંકમાં વધારો થાય છે. ટેસ્ટ કરીને કોરોનાના દર્દીઓને ઓળખવા તે રોગને વધારે ફેલાતો અટકાવવા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. પંજાબ, તામિલનાડુ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, ઓડિશા અને કર્ણાટકમાં સારી પ્રગતિ થઈ છે, અહીં પોઝિટિવિટી રેટ ૪% કરતા નીચો રહ્યો છે. ગુજરાતમાં પણ પોઝિટિવિટી રેટ ઘણો નીચો છે પરંતુ પાછલા કેટલાક સમયથી અહીં કેસમાં ઉછાળો દેખાતા તકેદારીના પગલા ભરવામાં આવી રહ્યા છે. દિવાળીના તહેવારો દરમિયાન અને તે પછી કોરોના વાયરસના કેસમાં ઉછાળો આવ્યો જેમાં ગુજરાતમાં ૦.૩%નો ઉછાળો નોંધાયો છે.

**મહત્તમ ઠંડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

૨.૫ ડીગ્રી નીચુ ગયુ છે. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૦.૭ ડીગ્રી નીચે આવ્યો છે. જેના લીધે આજે વાતાવરણમાં ઠંડીની અસર વધુ જોવા મળી હતી જયારે આજનો દિવસ મોસમનો સૌથી ઠંડો દિવસ પુરવાર થયો હતો. બીજીતરફ દિવસનુ તાપમાન પણ ઉંચુ રહ્યુ હતુ અલબત્ત

ગરમીનો પારો ૩૨ ડીગ્રી પહોંચી ગયો હતો. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનુ પ્રમાણ પણ ૦.૪ ડીગ્રી વધ્યુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન પણ નગરજનોએ આકરા તાપ વચ્ચે ગરમી અનુભવી હતી. બેવડી સિઝનની વિચિત્ર અસરથી જનજીવન પ્રભાવિત છે. જયારે કોરોનાના વધતા કહેર વચ્ચે શહેરમાં મોસમનો બદલાતો અને વિચિત્ર મિજાજ પણ નગરજનો માટે મુંઝવણરૂપ બન્યો છે. બેવડી ઋતુની અસર વચ્ચે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. છેલ્લા બે દિવસમાં ઠંડીનો પારો ૨.૫ ડીગ્રી ઉંચકાયો છે. જેના લીધે વહેલી સવારે અને મોડી સાંજે વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળે છે. ઠંડીની સિઝનની શરૂઆતમાં જ શિયાળાનો મિજાજ ઉગ્ર જોવા મળી રહ્યો છે. ત્યારે આગામી દિવસોમાં હજુ વધુ ઠંડી પડવાની સંભાવના છે. આવા સંજોગોમાં કોરોનાના કેસની સંખ્યા પણ વધી રહી છે. ત્યારે કોરોનાની સાથે વાયરલ તાવના દર્દીઓની સંખ્યા પણ વધી રહી હોવાનુ ધ્યાને આવ્યુ છે. બેવડી ઋતુ અને બદલાતા મોસમના મિજાજ વચ્ચે જન આરોગ્ય સૌથી વધુ પ્રભાવિત છે.આવા સંજોગોમાં મોસમના બદલાતા મોડ સાથે નગરજનોએ પણ વધુ સાવધ રહેવાની અનિવાર્યતા હોવાનુ તબીબો માની રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે બદલાતી મોસમમાં કોરોનાના કહેરથી બચવા માટે નગરજનોએ સોશિયલ ડિસ્ટન્સીંગ તેમજ માસ્કનો ઉપયોગ કરવાની સાથે સરકારી ગાઈડલાઈનુ યોગ્ય પાલન કરવાની તાતિ અનિવાર્યતા છે.

**ધમધમતી થઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. સરકારી કચેરીઓમાં દિવાળી પર્વ દરમિયાન આમ પણ રજાનો માહોલ હોય છે. જયારે તહેવારના દિવસોમાં કોરોનાનુ સંક્રમણ વધતા કર્મચારીઓ પણ કચેરીના સમયગાળા દરમિયાન સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્કનો ઉપયોગ કરતા નજરે પડે છે. ગાંધીનગરમાં સચિવાલય સહીત અનેકવિધ સરકારી કચેરીઓ કાર્યરત છે. જયારે આ કચેરીઓમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદથી આવતા કર્મચારીઓની સંખ્યા પણ વિશેષ છે. આવા સંજોગોમાં દિવાળી દરમિયાન અચાનક જ કોરોનાના કેસ વધતા સરકારી કચેરીઓમાં કર્મચારીઓની હાજરી પાંખી હોવાનુ સ્પષ્ટ થયુ હતુ ત્યારે અમદાવાદમાં પણ સરકારે કરફયુ જારી કરી દીધો હતો જયારે અમદાવાદથી ગાંધીનગર નોકરી માટે આવતા કર્મચારીઓને પણ રજા આપી દીધી હતી. જેથી નગરની વિવિધ સરકારી કચેરીઓમાં દિવાળીના તહેવાર અને અમદાવાદના કરફયુના લીધે કર્મચારીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનુ સ્પષ્ટ જોવા મળ્યુ હતુ. આ સ્થિતિ વચ્ચે નગરની સરકારી કચેરીઓમાં પણ ખાલીપો જોવા મળતો હતો. જયારે આજે સવારથી અમદાવાદમાં કરફયુ દુર હટાવી દેવાતા ગાંધીનગર અમદવાદ વચ્ચેનો ટ્રાફિક સામાન્ય બન્યો હતો. બસ વ્યવહાર પણ શરૂ કરી દેવાયો હતો જેથી નગરની સરકારી કચેરીઓમાં પણ અમદાવાદથી આવતા કર્મચારીઓની અવરજવર શરૂ થઈ ગઈ હતી. જયારે દિવાળીના તહેવારો પણ પુરા થતા આજે સોમવારના દિવસે કચેરીઓમાં ધમધમાટ જોવા મળ્યો હતો.

**કોરોના બેફામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સે. ૨૬ માંથી ૪ કેસ મળી આવ્યા છે. વહીવટી વિભાગમાં ફરજ બજાવતા ૪૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૮ જીઆઈડીસીમાં મોબાઈલ શોપ ધરાવતા ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૭૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૫ માંથી ૪ કેસ મળી આવ્યા છે. ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પુષ્ય હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. ૫૭ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે યુ.એન. મહેતામાં દાખલ કરાયા છે. ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત બ્લોક નં. ૫ માં અધિકારી તરીકે ફરજો બજાવતા ૫૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૮ માંથી ૨ કેસ મળી આવ્યા છે. ૭૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. ૪૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨ માંથી ખાનગી નોકરી કરતા ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૩ માંથી ૭૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૨૦ માંથી ૩૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે વધુ ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરતાં ૧૭૦ થી વધુ દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

**કોરોના વકર્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ખાનગી નોકરી કરતા યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

વલાદ ગામેથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

દહેગામ તાલુકામાંથી આજે નવ કેસ મળી આવ્યા છે. જેમાં ૪ અર્બન વિસ્તારના અને પાંચ ગ્રામ્ય વિસ્તારના કેસો છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી આજે ૪૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૨૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બે દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. અર્બન વિસ્તારમાંથી જ ૬૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

પાટનાકુવા ગામેથી ૭૧ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. લવાડ ગામેથી ૪૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રખિયાલ ગામેથી ખાનગી નોકરી કરતા ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વડવાસા ગામેથી આજે બે કેસ મળ્યા છે. ૨૯ વર્ષીય કર્મયોગી અને ૨૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસામાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. અર્બન વિસ્તારમાંથી ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ગ્રામભારતીમાંથી ૨૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો માણેકપુર ગામેથી ૭૮ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બે દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલ તાલુકામાંથી આજે ૬ કેસ મળી આવ્યા છે જેમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૩ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

બોરીસણા ગામેથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં હોસ્પિટલમાં દાખલ કરાયા છે. શોભાસણ ગામેથી બે કેસ મળી આવ્યા છે. ૩૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. જ્યારે ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૭૫ વર્ષીય વૃદ્ધ અને ૭૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જિલ્લામાં આજે વધુ ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૭૦૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૭૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૧૪,૧૬૮ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

**ઝાટકણી કાઢી... ● અનુસંધાન પહેલાનું ચાલુ**

છે અને તમે લોકોને ભેગા થવાની છૂટ આપો છો? સુપ્રીમ કોર્ટે આગળ કહ્યું કે અમને જણાવવામાં આવ્યું છે કે દેશમાં કોરોનાની સ્થિતિ ખૂબ જ ભયંકર બની રહી છે અને ડિસેમ્બરમાં તે વધુ ખરાબ બનશે તો અમે તમને પૂછવા માગીએ છીએ કે આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તમે શું પગલા લીધા છે. તેમજ કોરોનાના સંક્રમણને આગળ વધતું અટકાવવા માટે શું કર્યું છે તે અંગે વિગતવાર જણાવો. સુપ્રીમ કોર્ટે ગુજરાત ઉપરાંત દિલ્હી રાજ્ય સરકારનો પણ કાન પકડતા કહ્યું કે દેશની રાજધાનીમાં જ જો સ્થિતિ બેકાબૂ હોય તો પછી અન્ય વિસ્તારોમાં શું હશે તેની અમે કલ્પના નથી કરી શકતા. દિલ્હીમાં બગડી રહેલી કોરોના સ્થિતિને લઈને રાજ્ય સરકારે શું પગલા ભર્યા છે તે અંગે જવાબ આપવા માટે કહ્યું છે. મહત્વનું છે કે રાજધાની દિલ્હીમાં રવિવારે ૬૭૪૬ લોકોનાં મોત થયાં. ૬૧૫૪ લોકો સાજા થયા અને ૧૨૧ લોકોનાં મોત થયાં. મોતનો આ આંકડો દેશમાં સૌથી વધુ રહ્યો. આ કેસમાં ૫૦ લોકોનાં મોતની સાથે મહારાષ્ટ્ર બીજા નંબરે રહ્યું હતું. મહારાષ્ટ્રમાં આ આંકડો ૧૫ મે પછી સૌથી ઓછો છે. ત્યારે અહીં ૪૯ લોકોનાં મોત થયાં હતાં. દિલ્હીમાં આ પહેલાં ૧૮ નવેમ્બરે સૌથી વધુ ૧૩૧ દર્દીનાં મોત થયાં હતાં. દેશમાં રવિવારે ૪૪ હજાર ૪૦૪ કેસ નોંધાયો, ૪૧ હજાર ૪૦૫ દર્દી સાજા થયા અને ૫૧૦ લોકોનાં મોત થયાં. દેશમાં અત્યારસુધીમાં ૯૧.૪૦ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે, જેમાંથી ૮૫.૬૧ લાખ દર્દી સાજા થઈ ચૂક્યા છે અને ૧.૩૩ લાખ સંક્રમિતોનાં મોત થઈ ચૂક્યાં છે.

**ટેસ્ટ ફરજિયાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ**

ટ્રેન, બન્ને પ્રવાસીઓ પર લાગૂ પડશે. ફ્લાઈટની સ્થિતિમાં આ રિપોર્ટ લેન્ડિંગના ૭૨ કલાક પહેલા કરાવવો ફરજિયાત હશે જ્યારે ટ્રેન માટે આ સમયસીમા ૯૬ કલાકની રહેશે.

સરકારના આદેશ મુજબ જો કોઈની પાસે આ રિપોર્ટ યાત્રા પહેલાં પાસે ન હોય તો તેઓને પોતાના ખર્ચ પર ટેસ્ટને ફરજિયાત રીતે કરાવવો પડશે. ટેસ્ટિંગ બાદ જ પ્રવેશની પરવાનગી આફવામાં આવશે. અને જો કોઈ પોઝિટિવ આવશે તો તેને સારવાર માટે ખસેડવામાં આવશે.

કર્યો છે.ઉલ્લેખનીય છે કે, દિલ્હી સહિત અમુક રાજ્યોમાં કોરોના કેસોમાં થઈ રહેલાં વધારાને જોતાં સુપ્રીમ કોર્ટે પણ ચિંતા વ્યક્ત કરી હતી. કોરોના દર્દીઓની સારવાર અને હોસ્પિટલોમાં કોરોના દર્દીઓની શબની સાથે ગરિમાપુર્ણ વ્યવહારના મામલા પર સુપ્રીમ કોર્ટમાં સોમવારે સુનાવણી થઈ હતી. જેમાં સુપ્રીમ કોર્ટે દિલ્હી, ગુજરાત, મહારાષ્ટ્ર અને આસામમાં ઝડપથી વધતાં કોરોના કેસોના મેનેજમેન્ટ, દર્દીઓની સુવિધા સહિત અન્ય વ્યવસ્થાઓ પર સ્ટેટસ રિપોર્ટ બે દિવસમાં આપવા માટે આદેશ કર્યો છે.

**સ્વદેશી રસી... ● અનુસંધાન પહેલાનું ચાલુ**

પરિણામ જોતાં કોવાક્સિનની અસરકારકતા ૫૦ ટકાથી ઓછી રહેવાની સંભાવના નહિવત જેવી છે. ભારત બાયોટેકે જણાવ્યું હતું કે, વિશ્વાના વિવિધ ડ્રગ રેગ્યુલેટર દ્વારા મંજૂરી મળી ગયા બાદ ૨૦૨૧ના મધ્યભાગમાં કોરોનાની રસી કોવાક્સિન બજારમાં મૂકવાની પ્રક્રિયા હાથ ધરાશે. છેલ્લા તબક્કાની ટ્રાયલમાં સુરક્ષા, અસરકારકતાના મજબૂત પ્રાયોગિક પુરાવા સ્થાપિત કર્યા પછી વર્ષ ૨૦૨૧ના બીજા ત્રિમાસિક એટલે કે જૂન- સપ્ટેમ્બરમાં અમારી રસી બજારમાં મૂકવાની અમારી ગણતરી છે. ભારતની પહેલી સ્વદેશી રસી વિકસાવી રહેલી ભારત બાયોટેકે નવેમ્બરના પ્રારંભથી દેશના ૨૫ સેન્ટર ખાતે ૨૬૦૦૦ વોલન્ટિયર પર ત્રીજા ફેઝની ટ્રાયલ શરૂ કરી દીધી છે. કોરોનાની રસી વિકસાવવાની રેસમાં આગળ દોડી રહેલી મોડેર્ના કંપનીના સીઈઓ સ્ટિફન બાન્સેલે જણાવ્યું હતું કે, સરકારો પાસેથી કોરોનાની રસીના એક ડોઝના ૨૫થી ૩૭ અમેરિકન ડોલર એટલે કે રૂપિયા ૧૮૫૫થી રૂપિયા ૨૭૫૫ વસૂલશે. અમારા દ્વારા વિકસાવાયેલી રસીની કિંમત ફ્લૂની રસીની જેમ ૧૦થી ૫૦ અમેરિકન ડોલરની વચ્ચે જ રહેશે. મોડેર્ના પાસેથી કોરોનાની રસી ખરીદવા માટે વાટાઘાટો ચલાવી રહેલા યુરોપિયન સંઘના એક અધિકારીએ જણાવ્યું હતું કે, જો મોડેર્ના કોરોનાની રસીના ડોઝની કિંમત ૨૫ ડોલરથી ઓછી રાખે તો યુરોપિયન સંઘ તેની પાસેથી કરોડો ડોઝની ખરીદી માટેનો કરાર કરવા ઈચ્છે છે.